**ઓખામંડળ તાલુકાના ૩૭ ગામો તથા ૦૨ શહેર માટે સુર્યાવદર પાટીયાથી ગોરીજા હેડવર્કસ સુધી નાખવાની થતી એક્ષપ્રેસ લાઈનની કામગીરીને ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ ( બજેટ હેડ - ૬૭ - ૪૨૧૫ - ૦૧ - ૧૦૨ - ૨૫) અતર્ગત વહીવટી મંજુરી આપવા બાબત.**

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ નં.વીડબલ્યુએસ/૨૬૨૦૧૯/૧૦૮/ખ.૪ આઇડબલ્યુડીએમએસ નં -૧૩૫૬૮૭,
સચિવાલય, ગાંધીનગર,
તા.૨૨/૦૮/૨૦૧૯

વંચાણે લીધાઃ-

૧) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની તાંત્રિક ચકાસણી સમિતિની ૧૫૫મી બેઠક તા.૩૦/૦૧/૨૦૧૯
૨) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની સભ્ય મંડળની ૨૭૦મી બોર્ડ બેઠક તારીખ-૧૫/૦૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક- બીએમ/૨૭૦/૩૨
૩) નાંણા વિભાગના ઠરાવ ક્રમાંક જે એનવી/૧૦૦૭/એફએમ-૪/એ તારીખ ૨૮/૭/૨૦૦૮
૪) ગુ.પા.પુ.અનેગ.વ્ય.બોર્ડની સીંગલ ફાઇલ પરની તા.૨૭/૦૨/૨૦૧૯ની દરખાસ્ત

પ્રસ્તાવના:

દેવભુમી દ્વારકા જીલ્લાનાં ઓખામંડળ જુથ પાણી પુરવઠા યોજના ૪૦ લીટર માથાદિઠ પાણી આપવાના ધારાધોરણ મુજબ વર્ષ-૧૯૯૨થી કાર્યાન્વિત થયેલ. આ જુથ યોજના દ્વારા હાલમાં ઓખામંડળ તાલુકાના ૩૭-ગામ/૨ શહેરને સાની ડેમ તથા મહી નર્મદા આધારીત એન.સી-૨૧ પાઇપલાઇન દ્વારા પાણી પુરવઠો આપવામાં આવે છે.ઉક્ત બન્ને સોર્સનું પાણી કલ્યાણપુર હેડવર્ક્સ ખાતેથી ૪૨ કીમી અંતર સુધી પંપીંગ કરી ઓખા શહેર તથા બેટ દ્વારકાને પાણી પુરવઠો આપવામાં આવે છે. આ રીતે પાણી પુરવઠો આપવામાં મુખ્ય લાઇન પર જ ઘણા બધા પમ્પીંગ સ્ટેશન દ્વારા પાણી પમ્પ કરી પાણી પુરવઠો આપવામાં ખુબજ મુશ્કેલી ઉદભવે છે. યોજનામાં કોઇપણ એક જગ્યા પર પાવર સપ્લાય બંધ થયેથી સંપુર્ણ તાલુકાના ગામો/ શહેરોને પાણી પુરવઠો બંધ રહેવા પામે છે.

આથી જ્યારે દરેક હેડવર્ક્સ પર ઉપલબ્ધ થતા પાણી, પમ્પીંગ મશીનરી તથા પાવર સપ્લાય વચ્ચે સુસંગતતા ન જળવાય ત્યારે તેની સીધી અસર ગામોને અપાતા પાણી પુરવઠા પર પડે છે અને હેડવર્ક્સ પર પાણીનો ઓવર ફ્લો થતા બગાડ પણ થાય છે. આ સમસ્યાના નિવારણ માટે સુર્યાવદર પાટીયાથી ગોરીજા હેડવર્કસ સુધી એક્ષપ્રેસ લાઈન

નાંખી, ઓખામંડળ તાલુકાના ૩૭ ગામો ૦૨ શહેરો તથા યાત્રાધામ બેટ દ્વારકાને પુરતું પાણી આપવાનું આયોજન તૈયાર કરવામાં આવેલ છે.

આ માટે રૂ.૧૨૩૭૧.૯૬ લાખ (નેટ) તથા રૂ.૧૪૫૬૪.૭૧ લાખ ગ્રોસ માટે ( ૧૭.૮૫ ટકા ઇટીપી ચાર્જ સાથે ગ્રોસ)ની યોજના બનાવવામાં આવેલ છે.જેને વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાના અંતે **ઓખામંડળ તાલુકાના ૩૭ ગામો તથા ૦૨ શહેર માટે સુર્યાવદર પાટીયાથી ગોરીજા હેડવર્કસ સુધી નાખવાની થતી એક્ષપ્રેસ લાઈનની કામગીરીની** યોજના રૂ.૧૨૩૭૧.૯૬ લાખ (નેટ) તથા રૂ.૧૪૫૬૪.૭૧ લાખ ગ્રોસ ( ૧૭.૮૫ ટકા ઇટીપી ચાર્જ સાથે ગ્રોસ)ના આયોજનને બજેટ હેડ - ૬૭ - ૪૨૧૫ - ૦૧ - ૧૦૨ - ૨૫ અતર્ગત નીચે જણાવેલ શરતોને આધીન વહીવટી મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**શ ર તોઃ-**

1) યોજના અંતર્ગત નાંણાકીય વર્ષોમાં નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં બજેટ જોગવાઈને આધીન રહીને ખર્ચ કરવાનો રહેશે.
2) આ કામગીરી માટે નિયમોનુસાર આગામી નાંણાકીય વર્ષમાં પુરતી અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
3) આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણો ને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે
4) યોજનાના કામો મંજુર થયેલ કાર્યક્રમના સદરે જ હાથ ધરવાના રહેશે. તથા આ યોજનાના સમાન કામો માટે અગાઉ આપેલ મંજુરીઓ આ મંજુરી મળયેથી આપોઆપ રદ ગણવાની રહેશે.
5) યોજનાના રજુ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઈ કરાવી લેવાની રહેશે.
6) યોજનાના કામોનું વિગતવાર સર્વેક્ષણ કરી તે મુજબ આલેખન,અંદાજો અને નકશાની સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.
7) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તારીખ ૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છમાં ઈ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈ/સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
8) સુચિત કામો નરેગા હેઠળ લેવાના થતાં હોયતો આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજૂરો દ્વારા જ કરવામાં આવે તેની અચુક તકેદારી રાખવાની રહેશે .
9) યોજનાના કામો હાથ ધરતા પહેલા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ નાપ્રવર્તમાન નિયમોને ધ્યાનમાં રાખી યોજનાના ઘટકોની ડીઝાઈન, અંદાજોની ચકાસણી,તેમજ સમગ્ર મટીરીયલ્સ વિગેરેની ચકાસણી સક્ષમ કક્ષાએ કરાવવાની રહેશે.

10) યોજનાના જટીલ તાંત્રિક પાસાઓને ધ્યાને લેતા કામો અલાયદા યુનિટની રચના કરી અન્યથા સક્ષમ અધિકારીશ્રીની દેખરેખમાં હાથ ધરવાના રહેશે.

11) યોજનામાં સમાવિષ્ટ કામો અંતર્ગત થયેલ ખર્ચની સક્ષમ કક્ષાએ ખરાઈ કરાવવાની રહેશે અને ખર્ચ મંજુર થયેલ યોજનાની રકમ કરતા વધી જાય તો પી. ડબલ્યુ. ડી. મેન્યુયલના પ્રર્વતમાન ધારાધોરણ મુજબ યોજનાની સુધારેલ વહીવટી મંજુરી મેળવી લેવાની રહેશે.

12) યોજનાની પાણી જરુરીયાત/અનામતની મંજુરી મેળવી, સોર્સના કામો સફળ થયે યોજનાના અન્ય કામો હાથ ધરવાના રહેશે.

13) આ કામ માટે જમીન સંપાદન, પાણી અનામત,રેલ્વે ક્રોસીંગ, રોડ ક્રોસીંગ, કેનાલ ક્રોસીંગ વિગેરે માટે સંબધિત વિભાગની મંજુરી જરુરીયાત જણાય તેવા સંજોગોમાં તે અંગેની કાર્યવાહી સત્વરે પુર્ણ કરી/કરાવી લેવાની રહેશે. પ્રસ્તુત કારણોસર સમય મર્યાદા વધારી આપવાની દરખાસ્ત ગ્રાહય રાખવામાં આવશે નહિં.

14) યોજનામાં સમાવિષ્ટ ગામ/પરા/શહેરના હયાત નેટવર્ક અને અન્ય ઘટકોનું મહત્તમ ઉપયોગ કરવાનું રહેશે.

આ વહીવટી મંજુરી વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની અગ્ર સચિવશ્રી (પા.પુ.)ની તા.૨૪/૦૬/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ:યોજનામાં સમાવિષ્ટ ઘટકોની તારીજ

(ડો ધિમંત વ્યાસ)
અધિક સચિવ અને મુખ્ય ઇજનેર
નર્મદા જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.( પત્ર દ્વારા )
- માન.મુખ્ય મંત્રીશ્રીનાં અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મંત્રીશ્રી(નાણાં)નાઅંગત સચિવશ્રી,સ્વર્ણિમસંકુલ- ૧,સચિવાલય,ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પા.પુ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના રહસ્ય સચિવશ્રી નાંણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પા.પુ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી (પ્લાનીંગ/ટેકનીકલ) ગુ.પા.પુ.અનેગ.વ્ય.બોર્ડ,ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી ઝોન-૫ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,જુનાગઢ
- કલેકટરશ્રી, દેવભુમી દ્વારકા
- સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઇલ.

ઠરાવ નં.વહટ/૨૬૨૦૧૯/૧૦૮/ખ.૪/આઇડબલ્યુડીએમએસ નં -૧૩૫૬૮૭ નું બિડાણ

**ઓખામંડળ તાલુકાના ૩૭ ગામો તથા ૦૨ શહેર માટે સુર્યાવદર પાટીયાથી ગોરીજા હેડવર્કસ સુધી નાખવાની થતી એક્ષપ્રેસ લાઈનની કામગીરીને ગ્રામીણ પાણી પુરવઠા કાર્યક્રમ ( બજેટ હેડ - ૬૭ - ૪૨૧૫ - ૦૧ - ૧૦૨ - ૨૫) અતર્ગત વહીવટી મંજુરીમાં સમાવેશ ઘટકોની તારીજ**

| અનું | ઘટકનું નામ | અંદાજીત કીમત (રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | નેટ | ગ્રોસ |
| ૧ | ૯૧૪ મીમી વ્યાસની એમએસ પાઈપલાઈન(૫૭.૬૦ કી.મી.) | ૧૧૪૪૫.૬૧ | ૧૩૪૮૮.૫૧ |
| ૨ | ગોરીજા હેડવર્કસ ખાતે ૪૬.૭૨ એમએલ ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ | ૫૪૮.૬૦ | ૬૪૬.૧૯ |
| ૩ | ગોરીજા હેડવર્કસ ખાતે ૧૫ એમએલ ક્ષમતાનો કલીયર વોટર સંપ | ૨૯૨.૭૫ | ૩૪૫.૦૧ |
| ૪ | જમીન સંપાદન | ૫૦.૦૦ | ૫૦.૦૦ |
| ૫ | પાક વળતર | ૧૦.૦૦ | ૧૦.૦૦ |
| ૬ | પાવર કનેકશન | ૨૫.૦૦ | ૨૫.૦૦ |
| | કુલ રૂ. | ૧૨૩૭૧.૯૬ | ૧૪૫૬૪.૭૧ |

(ડૉ ધિમંત વ્યાસ)
અધિક સચિવ અને મુખ્ય ઇજનેર
નર્મદા જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ